# જ્યોર્જિયા માનવ સેવા વિભાગ (જ્યોર્જિયા ડિપાર્ટમેન્ટ ઓફ હ્યુમન સર્વિસીસ)
# પૂરક પોષણ સહાય કાર્યક્રમ (સપ્લિમેન્ટલ ન્યુટ્રિશન આસિસ્ટન્સ પ્રોગ્રામ, SNAP)

## સરળીકૃત રિપોર્ટિંગ આવશ્યકતા (સિમ્પલીફાઇડ રિપોર્ટિંગ રિક્વાયરમેન્ટ, SRR) સૂચના

જ્યોર્જિયાના તમામ SNAP પરિવારોને સિમ્પલીફાઇડ રિપોર્ટિંગ રિક્વાયરમેન્ટ લાગુ પડે છે. તમારે ત્યારે જાણ કરવી જોઈએ જ્યારે તમારા પરિવારની એકંદર માસિક આવક નીચેના ચાર્ટમાં સૂચિબદ્ધ કરેલી રકમ અથવા તમારા પરિવારના કદ માટે નીચેની ખાલી જગ્યા પર આપેલી રકમ કરતા વધુ હોય.

જ્યારે પરિવારના કોઈ સભ્યને લોટરી અથવા જુગારની જીતમાં એકંદર રકમ $4500 અથવા વધુની (કર અથવા અન્ય રોકવામાં આવેલી રકમ પહેલા) પ્રાપ્ત થાય છે ત્યારે તેઓએ જાણ કરવી જોઈએ. આ એવી રોકડ ઈનામ છે જેને એક જ ગેમમાં જીતવામાં આવી છે. જીતેલી રકમની જાણ જે મહિનામાં પરિવારના સભ્યને જીત મળી હોય તે મહિનાના અંતિમ દિવસથી 10 દિવસની અંદર કરવી આવશ્યક છે.

એબલ બોડીડ એડલ્ટ્સ વિધાઉટ ડિપેનડન્ટ્સ (આશ્રિત વિનાના શારીરિક રીતે સક્ષમ પુખ્તો, **ABAWDs**) એ જ્યારે તેમના કામના કલાકો અઠવાડિયે 20 કલાક, માસિક 80 કલાકથી ઓછા થાય ત્યારે જાણ કરવી આવશ્યક છે.

દર મહિને તમારે કોઈપણ કર અથવા અન્ય કપાત પહેલાં, મહિના દરમિયાન તમારા પરિવારને પ્રાપ્ત થતી તમામ આવક ઉમેરવાની રહેશે. તમારે વેતન, સામાજિક સુરક્ષા, SSI, બેરોજગારી, બાળ સહાય, નિવૃત્તિ અને વિકલાંગતા લાભો; લોકો તમને જે પૈસા આપે, અને તમારા પરિવારને જે અન્ય આવક પ્રાપ્ત થાય છે તેવી બધી આવકની ગણતરી કરવી આવશ્યક છે.

તમે જ્યારે તે બધું ઉમેરો, ત્યારે જો તે નીચેના ચાર્ટમાં સૂચિબદ્ધ રકમ કરતા અથવા તમારા પરિવારના કદ માટે નીચેની ખાલી જગ્યા પર આપેલી રકમ કરતા વધુ હોય, તો તમારે આવતા મહિનાના દસમાં દિવસે આવકમાં ફેરફારની જાણ કરવી જોઈએ.

તમારા ફેરફારની જાણ કરવા માટે DFCS કૉલ સેન્ટરને 1-877-423-4746 પર કૉલ કરો અથવા જ્યોર્જિયા ગેટવેની વેબસાઇટ **www.gateway.ga.gov** પર જાઓ.

| **SNAP પરિવાર કદ** | **1** | **2** | **3** | **4** | **5** | **6** | **7** | **8** | **દરેક વધારાના સભ્ય** |
|---|---|---|---|---|---|---|---|---|---|
| **કુલ એકંદર માસિક રકમ** | **$1,632** | **$2,215** | **$ 2,798** | **$3,380** | **$3,963** | **$4,546** | **$5,129** | **$5,712** | **+583** |

જો તમારા પરિવારમાં 8 થી વધુ સભ્યો છે, તો તમારી એકંદર માસિક આવકની રકમ નીચે આપવામાં આવી છે.

**HH** કદ_____ માસિક રકમ. ____________

જો તમે આ ફેરફારની જાણ કરવામાં નિષ્ફળ થશો, તો તમારા પરિવારને તે મેળવવા માટે હકદાર છે તેના કરતાં વધુ લાભો પ્રાપ્ત થઈ શકે છે, અને તમારે આ લાભો પાછા ચૂકવવા પડશે. જો તમારા કોઈ દાવાઓ બાકી હોય, તો આ દાવાઓ પાછા ચૂકવવા માટે તમારા આવકવેરા રિફંડનો ઉપયોગ કરી શકાય છે.

જો તમને TANF, બાળ સંભાળ અથવા તબીબી સહાયતા લાભો પ્રાપ્ત થાય છે, તો તમારે 10 દિવસની અંદર તમારા પરિવારના સંજોગોમાં થયેલા તમામ ફેરફારોની જાણ કરવી આવશ્યક છે.

તમારા સરનામાના ફેરફારો અને કોઈપણ આશ્રય અને ઉપયોગિતા ખર્ચની જાણ કરો જેથી કરીને તમને તમારા લાભો વિશે મહત્વપૂર્ણ સૂચનાઓ પ્રાપ્ત થઈ શકે. તમે આ ફેરફારની જાણ જ્યોર્જિયા ગેટવે વેબસાઇટ **www.gateway.ga.gov** પર કરી શકો છો.

કાર્યકર: ______________________________ તારીખ: ____________________________________

ફોર્મ 339 (સંશોધન 10/24)